પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date: 07-11-2026 **EVENING: 7.10 TO 7.20**

Day : SATURDAY **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **હિના મોદી** વાંચે છે.

****

1) કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે રાજ્યમાં કાયદો વ્યવસ્થા, નાગરિક સુરક્ષા નશામુક્ત ભારત અભિયાન સહિતની સર્વગ્રાહી સમીક્ષા કરી.
2) રાજ્યભરમાં દિવાળી તહેવારને લઈને ફાયર વિભાગ સજ્જ-24 કલાક જવાનો ખડેપગે રહેશે.
3) રાજ્યપાલ અને મુખ્યમંત્રીએ રાજ્યના નાગરિકોને દિવાળીની શુભકામના પાઠવી.
4) રાજ્ય સહિત દેશભરમાં કાળી ચૌદસની ધાર્મિક પરંપરા સાથે ઉજવણી.
5) ક્રિકેટમાં, ભારતે બીજી એક દિવસીય મેચમાં ન્યૂઝીલેન્ડને ચાર રનથી હરાવ્યું.

સમાચારને અંતે (આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

AMIT SHAH GUJARAT

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે આજે અમદાવાદમાં રાજ્યમાં કાયદો વ્યવસ્થા, નાગરિક સુરક્ષા, નશામુક્ત ભારત અભિયાન સહિતની સર્વગ્રાહી સમીક્ષા કરી. રાજ્યની ચાર દિવસની મુલાકાતે આવેલા શ્રી શાહે આજે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહિત ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક યોજી. બેઠક દરમિયાન તેમણે રાજ્યમાં ત્રણ નવા ફોજદારી કાયદાના અમલીકરણની સ્થિતિની સમીક્ષા કરી. સાંભળીએ એક અહેવાલ..

(VC: KARAN SAMARAT)

(બેઠકમાં કેન્દ્રીય ગૃહ મંત્રીએ 2029 સુધીમાં નશામુકત ભારતનો ધ્યેય સાકાર કરવા રાજ્યમાં નાર્કોટિક્સ ડ્રગ્સ તથા માદક પદાર્થોના નિયંત્રણ માટે કડક હાથે કામ લેવા અને એક્શન પ્લાન બનાવવા, 1933 કંટ્રોલ રૂમના વિસ્તાર સહિતના વિવિધ આયામો સાથે સામાજિક જાગૃતિની આવશ્યકતા પર ભાર મૂક્યો. તેમણે નવા કાયદા અમલમાં આવ્યા બાદ ગુજરાત પોલીસે કરેલી કામગીરી, ગુનાની તપાસની કામગીરીમાં આવેલા ફેરફારો, પુરાવા એકત્ર કરવાની પ્રક્રિયા અને કેસોમાં નવી જોગવાઈઓના ઉપયોગ અંગે વિગતો મેળવી. ઓનલાઇન નાણાકીય છેતરપિંડી, ડિજિટલ ફ્રોડ સહિતના સાયબર ગુનાઓને અટકાવવા અને ગુનેગારો સામે કડક કાર્યવાહી કરવા અંગે પણ બેઠકમાં ચર્ચા થઈ. આ ઉપરાંત પણ શ્રી શાહ બે મહત્વની બેઠકમાં ઉપસ્થિત રહ્યા. કરણ સમ્રાટ આકાશવાણી સમાચાર અમદાવાદ)

9 નવેમ્બર એટલે કે સોમવારે શ્રી શાહ અમદાવાદમાં વિવિધ વિકાસ કામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. 10 નવેમ્બરે તેઓ નૂતન વર્ષ નિમિત્તે વિવિધ કાર્યક્રમોમાં હાજરી આપશે.

DIWALI SAFETY

રાજ્યભરમાં દિવાળી તહેવારને લઈને ગુજરાત ફાયર વિભાગ સજ્જ છે. રાજ્યના મુખ્ય શહેરોના ફાયર એન્ડ ઇમરજન્સી સર્વિસિસ વિભાગ દ્વારા વિશેષ આગોતરું આયોજન કરવામાં આવ્યું છે. નાગરિકોની સુરક્ષામાં 24 કલાક ટીમો તહેનાત રહેશે. તહેવારો દરમિયાન રાજ્યભરમાં ફાયર વિભાગ દ્વારા વિશેષ બંદોબસ્ત પણ ગોઠવવામાં આવ્યો છે. સાંભળીએ એક અહેવાલ..

(VC : MAYUR SOLANKI)

(દિવાળીના તહેવારોને પગલે અમદાવાદ, ગાંધીનગર, વડોદરા, સુરત, ભાવનગર અને જામનગર મહાનગરપાલિકા વિસ્તારોમાં અગાઉ કાર્યરત ડાયલ 112ની સાથે હંગામી ધોરણે ઈમરજન્સી નંબર 101 પણ કાર્યરત કરાયો છે.અમદાવાદ શહેરના 18 ફાયર સ્ટેશન હાઈ એલર્ટ પર રખાયા છે. જૂનાગઢમાં કુલ 6 મહત્વપૂર્ણ સ્થળોએ 12-12 કલાકની શિફ્ટ મુજબ કુલ 120 કર્મચારીઓ 24 કલાક તહેનાત રહેશે. ભાવનગરમાં પણ 118 કર્મચારીઓ જરૂરી વાહનો સાથે ફરજ બજાવશે. તો, જામનગરમાં કુલ ૯ સ્થળો પર વિશેષ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. ગાંધીનગરમાં કુલ જરૂરી ફાયર અને ઇમરજન્સી વાહનો સાથે કર્મચારીઓ 24 કલાક ખડેપગે રહેશે.તો વડોદરા અને રાજકોટમાં પણ વિશેષ ટીમો સુસજ્જ છે. ખુલ્લા અને સુરક્ષિત સ્થળે જ ફટાકડા ફોડવા તેમજ જ્વલનશીલ પદાર્થોથી દૂર રહેવા નાગરિકોને ફાયર વિભાગ દ્વારા અપીલ પણ કરવામાં આવી છે. મયુર સોલંકી આકાશવાણી સમાચાર અમદાવાદ)

GOVERNOR DIWALI

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે પ્રકાશના પર્વ દિવાળી નિમિત્તે રાજ્યના નાગરિકોને શુભકામનાઓ પાઠવી છે. એક વિડીયો સંદેશમાં તેમણે જણાવ્યું કે દિવાળીનું પર્વ આપણા દેશના સામર્થ્ય પર વિશ્વાસ રાખવાની અને 'સ્વદેશી'ને જીવનનો અભિન્ન ભાગ બનાવવાની પ્રેરણા આપે છે. તેમણે સ્વદેશી વસ્તુઓને પ્રોત્સાહન આપવા, પર્યાવરણનું જતન કરવા અને જરૂરિયાતમંદોના જીવનમાં ખુશીઓનું અજવાળું ફેલાવવા નાગરિકોને અનુરોધ કર્યો.

(BYTE: ACHARYA DEVVRAT, GOVERNOR)

(दीपावली केवल दीप जलाने और उत्सव मनाने का पर्व नहीं है, बल्कि यह हमारे जीवन में ज्ञान, विवेक, सद्भाव और सकारात्मकता का प्रकाश फैलाने का अवसर भी है। हमारे ऋषियों ने हमें सिखाया है—"तमसो मा ज्योतिर्गमय"—अर्थात हमें अंधकार से प्रकाश की ओर, अज्ञान से ज्ञान की ओर और निराशा से आशा की ओर बढ़ना चाहिए।)

CM DIWALI

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પણ રાજ્યના નાગરિકોને દિવાળી પર્વ અને નૂતન વર્ષની શુભેચ્છાઓ પાઠવી છે. તેમણે 'વિકસિત ગુજરાત'થી 'વિકસિત ભારત'ના સંકલ્પને સાકાર કરવા સૌને સહિયારા પ્રયાસો અને 'વી વિલ ડુ ઇટ' ના ધ્યેય સાથે આગળ વધવા આહવાન કર્યું.

તેમણે સૌ કોઈ વિક્રમ સંવતના નૂતન વર્ષે વિકાસ માર્ગે વધુ ગતિમય બને અને આત્મનિર્ભર ભારત માટે વિકસિત ગુજરાતના સંવાહક બને તેવી શુભકામનાઓ પણ પાઠવી.

GUJARAT DELEGATION

વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ 2027 પહેલા રાજ્ય સરકારના એક ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળે ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડમાં રોડ શો યોજ્યો. કેબિનેટ મંત્રી ઋષિકેશ પટેલના નેતૃત્વમાં, પ્રતિનિધિમંડળે 26 ઓક્ટોબરથી 2 નવેમ્બર દરમિયાન બંને દેશોની મુલાકાત લીધી.

આ પ્રવાસનો ઉદ્દેશ આર્થિક સંબંધોને મજબૂત બનાવવા અને નવીનીકરણીય ઉર્જા, ટેકનોલોજી, લોજિસ્ટિક્સ અને પ્રવાસન સહિતના મુખ્ય ક્ષેત્રોમાં રોકાણ આકર્ષવાનો હતો. આઠ દિવસની મુલાકાત દરમિયાન, પ્રતિનિધિમંડળે વ્યવસાય, ઉદ્યોગ અને સરકારોના 150 થી વધુ પ્રતિનિધિઓ સાથે વાતચીત કરી.

ATAL SWANTAH

‘અટલ સ્વાન્તઃ સુખાય યોજના’ હેઠળ હવે પ્રોજેક્ટની ઓનલાઈન નોંધણી પ્રક્રિયા ફરજિયાત કરવામાં આવી છે. રાજ્ય સરકારના અધિકારીઓ અને કર્મચારીઓની સર્જનાત્મકતા, નવીન વિચારો અને લોકોપયોગી કામગીરીને પ્રોત્સાહન આપવાના હેતુથી અમલી બનાવાયેલી આ યોજના હેઠળ 15 નવેમ્બર, 2026 સુધીમાં assy.gujarat.gov.in પોર્ટલ પર પ્રોજેક્ટની નોંધણી કરાવવાની રહેશે. અગાઉ લેખિત નોંધણી કરાવનારાઓએ પણ પોર્ટલ પર નોંધણી કરાવવી પડશે.

આ યોજના હેઠળ સરકારી કામગીરીમાં નવીન પદ્ધતિ અપનાવી ઓછા સમયમાં વધુ સારાં પરિણામો લાવનારા અને નાગરિકોની સુખાકારીમાં વધારો કરનારા પ્રોજેક્ટને પ્રોત્સાહિત કરવામાં આવે છે.

BHAVNAGAR BRIDGE

ભાવનગર શહેરમાં બે નવા ઓવરબ્રિજ નિર્માણ પામશે. વધુ માહિતી આપતા પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું કે નારી ચોકડીથી વરતેજ સુધી 650 કરોડ રૂપિયાના ખર્ચે સૌરાષ્ટ્રનો સૌથી મોટો ઓવરબ્રિજ નિર્માણ પામશે. આ ઉપરાંત 'ફાટક મુક્ત ભારત' અભિયાન અંતર્ગત કુંભારવાડા ફાટક પર પણ નવો ઓવરબ્રિજ બનાવવાનો નિર્ણય લેવાયો છે. તેમણે ઉમેર્યું કે ઓવરબ્રિજ બનવાથી શ્રમજીવી ભાઈ-બહેનો, વેપારીઓ અને દૈનિક વાહનચાલકોના સમય અને ઇંધણ બંનેની બચત થશે.

(BYTE: JITU VAGHANI, SPOKESPERSON MINISTER)

(ઓવરબ્રિજ કરવાનો નિર્ણય એ કોર્પોરેશન દ્વારા આજે લીધો છે અને સ્થળની મુલાકાત પણ કરી છે. લોકોને મુશ્કેલી ન પડે એ રીતે બે ભાગમાં અલગ અલગ પ્રકારે ચડી પણ શકાય અને ઉતરી પણ શકાય એ પ્રકારનો નિર્ણય આજે કોર્પોરેશનમાં અમે લીધો છે અને આવનારા સમયની અંદર આ પણ એક મહત્વનો જટિલ પ્રશ્ન એનું સમાધાન પણ ટેકનિકલ બધી કામગીરી પૂરે થયાથી ઓવરબ્રિજ કરવાનો નિર્ણય એ ફાટક ઉપર પણ કોર્પોરેશન અને રાજ્યની સરકારે લીધો છે.)

MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.....

DESK

KALI CHAUDAS

રાજ્ય સહિત દેશભરમાં આજે કાળી ચૌદસની ધાર્મિક પરંપરા અને હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી રહી છે. કાળી ચૌદસને રૂપચૌદસ પણ કહેવાય છે. તો દેશના વિવિધ ભાગોમાં તેને છોટી દિવાળીથી પણ ઓળખવામાં આવે છે.

આજે વિવિધ મંત્ર સિદ્ધિ પ્રયોગો અને મહાકાલી માઁ, ભૈરવનાથ, હનુમાનજી, ઘંટાકર્ણ મહાવીર તેમજ સમસ્ત રક્ષક દેવોની આરાધના ઉપાસના કરવાનો ઉત્તમ દિવસ મનાય છે. રાજયભરના મંદિરોમાં આજે વિશેષ પૂજન-અર્ચન કરવામાં આવી રહ્યા છે. અમદાવાદના કેમ્પ હનુમાન મંદિરમાં આજે મારુતિ યજ્ઞ તેમજ સુંદરકાંડના પાઠનું આયોજન કરાયું છે.

હનુમાન મંદિર અને ભદ્રકાલી મંદિરમાં દર્શન માટે ભક્તોની ભારે ભીડ ઉમટી છે. આવતીકાલે દિવાળી પર્વની ઉજવણી કરાશે.

GU VICE CHANCELLOR

ગુજરાત યુનિવર્સિટીના નવા કુલપતિ તરીકે ડો.પૃથુલ દેસાઈની નિમણૂક કરવામાં આવી છે. તેઓ સુરતની સર પી. ટી.સાર્વજનિક કોલેજ ઓફ સાયન્સના આચાર્ય તરીકે ફરજ બજાવી રહ્યા છે. ડૉ. દેસાઈનો કાર્યકાળ પાંચ વર્ષ સુધી અથવા તેમની ઉંમર 65 વર્ષ થાય ત્યાં સુધી રહેશે.

ડૉ.પૃથુલ દેસાઈ ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે 31 થી વધુ વર્ષોનો શૈક્ષણિક અને 14થી વધુ વર્ષોનો આચાર્ય તરીકેનો બહોળો અનુભવ ધરાવતા વરિષ્ઠ એકેડેમિક એડમિનિસ્ટ્રેટર અને ભૌતિકશાસ્ત્રના પ્રોફેસર છે.

MOUNTAIN COMPETITION

‘ગુજરાત આરોહણ – અવરોહણ સ્પર્ધા’ 2026 આગામી ડિસેમ્બર માહિનામાં યોજાશે. આ સ્પર્ધામાં જોડાવા ઇચ્છુક રાજ્યના 14 થી 35 વર્ષની વયમર્યાદા ધરાવતા યુવક-યુવતીઓ 20 નવેમ્બર સુધીમાં અરજી કરી શકે છે. આ સ્પર્ધા અંતર્ગત 14 થી 18 વર્ષના ભાઈઓ અને બહેનો માટે રાજકોટના ધોરાજી ખાતે ઓસમ પર્વત, સુરેન્દ્રનગર ખાતે ચોટીલા પર્વત અને સાબરકાંઠાના ઈડર ખાતે ઈડરિયો પર્વત પર આયોજન કરાયું છે. જ્યારે 19 થી 35 વર્ષના સિનિયર વિભાગના સ્પર્ધકો માટે પંચમહાલ ખાતે પાવાગઢ અને વલસાડ ખાતે પારનેરા ડુંગર પર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે.

INDO- NZ CRICKET WIN

ક્રિકેટમાં, આજે વેલિંગ્ટનના હનરી સ્ટેડિયમ ખાતે વરસાદના વિરામ બાદ ભારતે ડકવર્થ-લુઇસ-સ્ટર્ન-DLS પદ્ધતિ હેઠળ ન્યૂઝીલેન્ડને ચાર રનથી હરાવ્યું. રમત બંધ કરવામાં આવી ત્યારે ભારતે 26 ઓવરમાં સાત વિકેટે 113 રન બનાવ્યા હતા અને 66 બોલમાં 22 રનની જરૂર હતી.

વેલિંગ્ટનમાં પ્રથમ બેટિંગ કરતા, ન્યુઝીલેન્ડ 134 રનમાં ઓલઆઉટ થઈ ગયું. ભારતે પાંચ મેચની શ્રેણીની પ્રથમ વનડે પાંચ વિકેટથી જીતી હતી, અને હવે શ્રેણીમાં 2-0થી આગળ છે.

RAJKOT SARAS FAIR

રાજકોટના રેસકોર્સ ખાતે યોજાયેલ રાષ્ટ્રીય કક્ષાના સરસ મેળાનું સમાપન થયું. આ મેળામાં દેશભરના સ્વસહાય જૂથો દ્વારા ઉત્પાદિત વિવિધ ચીજવસ્તુઓના વેચાણ થકી 5 કરોડ 12 લાખનું વિક્રમી વેચાણ નોંધાયું હતું. જેનાથી 164 પરિવારોને આર્થિક સમૃદ્ધિ મળી હતી. શ્રેષ્ઠ કામગીરી કરનાર સ્ટોલધારકોનું સન્માન, શ્રેષ્ઠ વેચાણ કરનાર પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમના સ્ટોલધારકોને પુરસ્કાર એનાયત કરાયો હતો.

DAMAN SANAD

દમણ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા આજે કલેક્ટર કચેરી ખાતે યોજાયેલ વિશેષ કેમ્પમાં અરજદારોને સેલ પરમિશન (મિલકત વેચાણની મંજૂરી) તેમજ નોન એગ્રીકલ્ચરલ પરમિશન સંબંધિત હુકમો અને સનદનું વિતરણ કરવામાં આવ્યું.

જેમાં 100થી વધુ અરજદારોને મંજૂરીના હુકમો સોંપવામાં આવ્યા હતા. નાગરિકોને સરકારી સેવાઓ સરળ, પારદર્શક અને સમયસર મળી રહે તે હેતુથી આ કેમ્પ યોજાયો હતો.